सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૩/૦૪/ ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦ – ૦૪ – ૦૬ |

**જામનગરના શ્રમઅદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની કોર્ટમાં,**

**મું.જામનગર.**

**રીકવરી ૩૩(સી)(૧) નં. ૫૮/૨૦૨૫**

**આંક : ૭**

અરજદાર : મનોજકુમાર જયંતિભાઈ ભટ્ટ,
પટેલ કોલોની શેરી નં.૩, રોડ નં.૩, જી. જામનગર.
કેરઓફ : મજુર મહાજન સંઘ, જામનગર.

**વિરુધ્ધ**

સામાવાળા : (૧) શાશનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જામનગર મહાનગરપાલિકા, જી.જામનગર.
(૨) કમિશ્નરશ્રી,
જામનગર મહાનગરપાલિકા, જી.જામનગર.

**વિષય: આઈ.ડી.એકટની કલમ :૩૩ (સી)(૧) મુજબ વસુલાત અરજી.**

અરજદાર તર્ફે : વિ.વકીલ શ્રી પી.આર.જોષી.
સામાવાળા નં.૧ તર્ફે : ગેર હાજર.
સામાવાળા નં.૨ તર્ફે : વિ.વકીલ શ્રી એન.પી.જેઠવા.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩(સી)(૧) ના પ્રબંધો હેઠળ કરેલી છે. અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં ચોકીદાર કમ પટ્ટાવાળા તરીકે નિમણુંક પામી તા.૩૧/૧૧/૨૦૨૪ ના રોજ વય મર્યાદાથી નિવૃત થયેલ. તેથી અમો અરજદારની સર્વિસ દરમ્યાન ૩૦૦ હકક રજા જમા રહેલ. જે જમા હકક રજાનું રૂપાંતરીત પગાર ચુકવેલ ન હોવાથી અરજદારે ૩૦૦ હકક રજા રૂપાંતરીત કરી રકમ ચુકવવા રજુઆત કરેલ. પણ સામાવાળા સંસ્થા ધ્વારા અમોને હકક રજાનું રોકડમાં રૂપાંતર કરી ચુકવેલ નથી. જે લેણી રકમ મેળવવા નામદાર કાર્ટમાં રીકવરી અરજી(સી–૨) નં.૦૯/૨૦૨૫ કરેલ જે ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર ધ્વારા તા.૨૫/૦૮/૨૦૨૫ થી આ રકમ મેળવવા અરજદાર હકકદાર હોવાનું ઠરાવતો હુકમ કરેલ. ઉપરોકત હુકમ બાદ અરજદારે સદર રકમ રૂા.૫,૩૧,૦૦૦/–(અંકે રકમ રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર પૂરા) ની રકમ સામાવાળાએ અમોને હુકમ ના ૯૦ દિવસની અંદર ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ.પરંતુ સામાવાળા સંસ્થાએ આજદિન સુધી આ રકમ ચુકવેલ નથી. તેમજ નામદાર મજુર અદાલત, જામનગરના હુકમ સામે સામાવાળાએ કોઈ અપીલ કરેલ હોય કે તેવી અપીલની કોઈ નોટીસ આજ દિન સુધી અરજદારને મળેલ ન હોવાનું જણાવે છે.

(૨) આ કામે સામાવાળાને નોટીસ કાઢેલ, જે સામાવાળા ને નોટીસ બજી ગયેલ હોવા છતાં એકપણ મુદતે હાજર ન રહેલ. તેથી અરજદારના પ્રતિનિધિની મૌખિક રજુઆતથી સામાવાળાનો જવાબ/ દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે સામાવાળા નં.૨ હાજર થઈ અને આંક–૫ થી જવાબનો હકક ખોલાવાની અરજી જે અરજી નામદાર કોર્ટ

ધ્વારા મંજુર કરવામાં આવેલ.

(૨.૧) આ કામે આ કામે આંક–૬ થી સામાવાળા નં.ર ધ્વારા જવાબ રજુ કરી જણાવે છે કે, અરજદારની અરજી ખોટી શુધ્ધબુધ્ધિ પુર્વકની ન હોય અરજી રદ થવા પાત્ર છે. અરજીનો ઔદ્યોગિક વિવાદ તળે સમાવેશ થતો ન હોય અરજી તેથી પણ રદ થવા પાત્ર છે. અરજદારે અગાઉ રીકવરી અરજી નં.૯/૨૦૨૫ કરેલ હતી જે નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરેલ હતી તે હુકમ વિરૂધ્ધ અમો સામાવાળા સંસ્થા નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં. ૧૨૨૭૪/ ૨૦૨૫ દાખલ કરેલ છે જે નામદાર હાઈકોર્ટ સમક્ષ પેન્ડીંગ છે.

(૨.૨) અમો સામાવાળા નં.ર સંસ્થાએ અરજદારને નોકરી પર રાખેલ નથી કે, કયારેય પગાર ચુકવેલ નથી કે તેમની હાજરી પુરતા નથી. વધુમાં આ કામે અરજદારે રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવા જોતા તમામ દસ્તાવેજો સામાવાળા નં.૧ એ ઈશ્યુ કરેલ છે તે સંજોગોમાં અરજદાર અને સામાવાળા નં.ર વચ્ચે નોકર માલિકનો સંબંધ ન હોય આ સામાવાળા નં. ર વિરૂધ્ધ હુકમ થઈ શકે નહી.

(૨.૩) સામાવાળા નં.ર વધુમાં જણાવે છે કે, અમો જામનગર મહા નગરપાલિકાએ ચોકીદાર–પટ્ટાવાળાનું કોઈ મહેકમ મંજુર કરેલ ન હોય તેમજ સરકારશ્રીએ પણ મંજુર કરેલ ન હોય તે સંજોગોમાં અરજદાર અરજી મુજબની રકમ મેળવવા હકકદાર હોવાનું આથી ઈન્કાર કરવામાં આવે છે. અરજદારની નિમણુંક કાયદેસરની કાર્યવાહીથી કરવામાં આવેલ ન હોય તેથી અરજી મુજબની રકમ મેળવવા હકકદાર થતા નથી.

(૩) આ કામે અરજદાર તરફે આંક ૪ થી અરજદારનું સોગંદનામું તથા અરજી સાથે રીકવરી અરજી નં.૦૯/૨૦૨૫ માં થયેલ હુકમ નકલ રજૂ

થયેલ છે. ત્યારબાદ અરજદારના વિ.પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી. જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૪) અરજીની ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા અત્રેની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## -: મુ દ્દા ઓ :-

(૧) શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી રીકવરી અરજી ૩૩(સી)(ર)નં.૦૯/ર૦૨પ ના કામમાં થયેલ હુકમ મુજબ રૂા.પ,૩૧,૦૦૦/-( અંકે રકમ રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર પૂરા) તથા અરજી ખર્ચના રૂા.પ,૦૦૦/- વસુલ મેળવવા કલેકટરશ્રી જામનગર નામે રીકવરી સર્ટીફીકેટ મેળવવા હકકદાર છે?

(ર) શું હુકમ ?

(પ) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

(૧) હકારમાં.

(ર) આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**મુદા નં.૧:-**

(૬) અગાઉ અરજદારે આ કાયદાની કલમ ૩૩(સી)(ર) હેઠળ રીકવરી અરજી નંબર ૦૯/ર૦૨પ દાખલ કરેલ, જે ચાલી જતા નામદાર મજુર અદાલત, જામનગર ધ્વારા અરજદારની અરજી અંશત:મંજુર કરી આ કામના સામાવાળાએ તેને આ હુકમની જાણ થયેથી દિવસ-૯૦ માં અરજદારને

રૂા.૫,૩૧,૦૦૦/-(અંકે રકમ રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર પૂરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. પરંતુ આ હુકમ મુજબની કોઈ રકમ સામવાળાએ અરજદારને નહી ચુકવતા અરજદારે હાલની અરજી રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરી રકમ વસુલ કરવવા માટે કરેલ છે. અરજદારે વધુમાં એવુ જણાવેલ છે કે, તેઓને આજદિન સુધી સામાવાળાએ હુકમ મુજબની કોઈ રકમ ચુકવેલ નથી. આ કામે અરજદારે આંક-૪ ના સોગંદનામાથી જાહેર કરેલું છે કે, મજુર અદાલત,જામનગરના રીકવરી-૩૩(સી)(૨) નં.૦૯/૨૦૨૫ માં થયેલ હુકમનું પાલન સામાવાળા સંસ્થાએ કરેલ નથી. સામાવાળા સંસ્થાએ નામદાર મજુર અદાલતના હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ હોય કે સામાવાળા સંસ્થાને આજદિન સુધી કોઈ સ્ટે મળેલ હોય તેવી કોઈ નોટીશ પણ રેકર્ડ પર આવેલ નથી. આથી અરજદારે હાલની રીકવરી અરજી કલમ ૩૩-સી(૧) હેઠળની સામાવાળા સંસ્થા વિરૂધ્ધમાં રીકવરી સર્ટીફીકેટ ઈશ્યુ કરવા માટે કરેલ છે.

(૭) આ કામે બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં આ અદાલતના રીકવરી કેસ નં.૦૯/૨૦૨૫ ના હુકમ સામે સામાવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે પરંતુ સામાવાળા સંસ્થાને આજદિન સુધી કોઈ સ્ટે મળેલ હોય તેવી કોઈ નોટીશ પણ રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે રેકર્ડ પરની હકીકત જોવામાં આવે તો માત્ર નામદાર હાઈકોર્ટ સમક્ષ કોઈ અપીલ દાખલ કરેલ હોવા માત્રથી નીચેની અદાલતે આવી દરખાસ્ત સ્વરૂપની રીકવરી અરજી સ્ટે કરવાની હોતી નથી. આ કામે સામાવાળા સંસ્થાએ દાખલ કરેલ સ્પે.સી.એ. નંબર ૧૨૨૭૪/૨૦૨૫ નું છેલ્લુ સ્ટેજ જોતાં તેમાં આ રીકવરી અરજી કે તેના મુળ એવોર્ડને સ્ટે કરતો કોઈ હુકમ કરવામાં આવેલ નથી. આમ, સામાવાળાએ આ કામમાં અરજદારને ચુકવવાની થતી રકમ જમા કરાવેલી ન

હોય અને ઉપલી અદાલતનો કોઈ સ્ટે ન હોય, સદરહુ રકમની રીકવરી કરવા સારૂ અરજદાર કે આ અદાલત પાસે અન્ય કોઈ વિકલ્પ ના હોય સામાવાળા સંસ્થા વિરૂધ્ધ સંબધિત કલેકટરશ્રી તરફનું રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવુ યોગ્ય અને ન્યાયી જણાતુ હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

૧. આ કામના અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા સંસ્થાનીસામે રૂા.૫,૩૧,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર છસો પુરા) વસુલ લેવાનું રીકવરી સર્ટીફીકેટ સંબંધિત કલેકટરશ્રી, જામનગરના ઓ ઉપર કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

૪. કલેકટરશ્રી જામનગરનાએ સદર રકમની કાયદા મુજબ વસુલ લઈ, અત્રેની અદાલતમાં ૩ માસમાં તેનો રીપોર્ટ કરવો.

૫. હુકમ મુજબ જરૂરી યાદી કલેકટરશ્રી જામનગરનાઓ તરફ કરવી.

હુકમ આજ રોજ તા.૩ જી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૪/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
**જીજે–૦૧૨૯૮**